PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/કવા–૦૪/૧૬–૧૭/ ૧૬૦૭ તા. ૨૭/૦૨/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દુર્લભજીભાઈ ગોરધનભાઈ જોષી,
સાટોડિયા શેરી,
નાની બજાર,
ગોંડલ
મો: ૯૪૨૮૬ ૦૬૭૧૭

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૮/કવા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૦૩)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 08/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૮/કવા-૦૪/૧૬-૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨-૦૨-૧૭ | સ્થળ :-રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: -(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: દુર્લભજીભાઈ ગોરધનભાઈ જોષી,ગામ: ગોંડલ

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પુત્ર કમલેશભાઈ દુર્લભજીભાઈ જોષી હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :એસ.જે.સોની, નાયબ ઈજનેર (ટેક), વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદ્દા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | **અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.** |
| ૧.૧ | **અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના શ્રી દુર્લભજીભાઈ ગોરધનભાઈ જોષી ના નામે આવેલ, ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૪૨૦૮/૦૦૫૦૨/૫ મા, પીજીવીસીએલ તરફથી વર્ષ-૨૦૧૩ થી નિયમીત વીજબીલીગ થયેલ ન હોવાથી, પીજીવીસીએલ દ્વારા કપાયેલ જોડાણ મા - અગાઉ જોડાણ મા બાકી લેણી રકમ ભરપાઈ કરી અને જોડાણ ને - રી-કનેકશન ચાર્જ ભરપાઈ કરીને પુનઃચાલુ કરાવેલ હતુ. પરંતુ, પીજીવીસીએલ ની, બેદરકારીયુકત ભુલ ના કારણોસર, સદર જોડાણ ને, બીલીગ ખાતામા રી-કનેકશન કરી અને નિયમીત પણે ચાલુ કરાયા સબબ ની એન્ટ્રી થયેલ ન હતી. આવા કારણોસર - એટલેકે માત્ર પીજીવીસીએલ ની ભુલ ના કારણોસર જ, સદર જોડાણ સ્થળ પર ખરેખર ચાલુ હોવા છતા, નિયમીત વીજબીલીગ થતુ નથી. તેમજ, પીજીવીસીએલ તરફથી ઈ-ઉર્જા સીસ્ટમ મા, જોડાણને ભુલ ભરેલ રીતે પીડીસી નો દરજજો આપેલ હોવાના કારણોસર, બીલીગ ખાતામા જોડાણ ને ચાલુ કરી અને નિયમીત બીલીગ ચાલુ કરાયેલ ન હતુ. આમ, પીજીવીસીએલ ની જ બેદરકારી યુકત ભુલ ના કારણોસર - એટલેકે જે તે સમયે જોડાણ ના બીલીગ ખાતામા, જોડાણ ને પુનઃ ચાલુ કરાયેલ હોવાની એન્ટ્રી ન હોવાના કારણોસર, સદર જોડાણ નુ નિયમીત વીજબીલીગ, જે બીલીગ ખાતામા પ્રસ્થાપિત થયેલ ન હોવાના કારણોસર જ, તેઓ શ્રી ને આ જોડાણ ના, વિધીસર ના એક પણ નિયમીત વીજબીલો પીજીવીસીએલ તરફથી અપાયેલ ન હોવાના કારણોસર, અરજદાર શ્રી તેમના જોડાણ ના વીજબીલો ની રકમ નુ ચુકવણુ કરી શકતા નથી. જયારે, વાસ્તવિક રીતે, તેમના જોડાણ નુ મીટર, સ્થળ પર હૈયાત છે, પીજીવીસીએલ તરફથી વીજપુરવઠો પણ કપાયેલ ન હોય, વીજવપરાશ ચાલુ છે. આમ, માત્ર પીજીવીસીએલ ની બેદરકારીયુકત ભુલ ના કારણોસર, '' બીલીગ બંધ - ભુલ '' ને, સુધારણા ના ભાગરૂપ આવરી લઈ, અને જોડાણ ને, બીલીગ ખાતામા પુનઃ ચાલુ કરી, અને તેમના સદર ઘરવપરાશ વીજજોડાણ મા નિયમીત વીજબીલીગ કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.** |

**મુદ્દા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | **પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.** |
| ૨.૧ | **શ્રી દુર્લભજીભાઈ ગોરધનભાઈ જોષી ના નામે આવેલ, ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૪૨૦૮/૦૦૫૦૨/૫ મા, અગાઉ માહે ડિસેમ્બર-જાન્યુઆરી- ૧૩ ની સ્થિતીએ, બાકી લેણી એવી અગાઉ ના વીજબીલો મા ચડત થયેલ કુલ રકમ રૂ.૫,૩૬૮/૮૧, જે લેણી રહેતી હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને તા.૧૩-૦૩-૧૩ થી લીગલ નોટીસ આપેલ હતી. જેના અનુસંધાને, અરજદારે તા.૧૩-૦૩-૧૩ ના રોજ, રૂ.૨,૦૦૦/- ની રકમ નો ચેક, પીજીવીસીએલ મા રજુ કરેલ હતો. જે ચેક બેન્ક માથી પરત આવતા, પીજીવીસીએલ તરફથી તા.૨૮-૦૩-૧૩ ના રોજ, અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે હંગામી ધોરણે, એટલેકે ''ટીડીસી- એન પીડીસી'' મા કાપવા માટે, તા.૨૮-૦૩-૧૩ ના રોજ, ડીસકને. ઓર્ડર આપવામા આવેલ હતો. અને ત્યારબાદ, ગેટપાસ નં. ૮૧૦૨ તા.૦૩-૦૪-૧૩ થી, અરજદાર શ્રી ના સદર જોડાણ નુ મીટર જમા લેવામા આવેલ હતુ. અને કચેરી ના સક્ષમ વડા એટલેકે નાયબ ઈજનેર ની સુચનાથી, સદર જોડાણ ને તા.૦૫-૦૪-૧૩ ની સ્થિતીએ, '' એકસ - પીડીસી'' હેઠળ મુકવામા આવેલ હતુ.** |

| | |
|---|---|
| ૨.૨ | આ સમયે, અરજદાર શ્રી એ તા.૧૫–૦૪–૧૩ ના રોજ, સદર જોડાણ ની બાકી લેણી રકમ અન્વયે ની કુલ રકમ માથી, રૂ.૨,૫૦૦/–, જે તા.૧૫–૦૪–૧૩ ના રોજ ભરપાઈ કરી આપેલ હતા. આ સમયે, એટલેકે આ મુજબ ના બાકી લેણી રકમ ના ચુકવણાના સમયે પીજીવીસીએલ મા ''એનપીડીસી – પીડીસી – ટુ – નોર્મલ '' ની પ્રક્રીયા હેઠળ જોડાણ ચાલુ કરવા બાબતે ની નિયમાધીન પ્રણાલી પીજીવીસીએલ મા પ્રવર્તમાન હતી. જેને અનુસંધાને, પીજીવીસીએલ તરફથી તા.૧૫–૦૪–૧૩ ના રોજ ના રી–કનેકશન ના ઓર્ડર ના અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ ને, મીટર તેમજ સર્વિસ લગાડી, અને''એનપીડીસી – પીડીસી – ટુ – નોર્મલ '' ની પ્રક્રીયા હેઠળ પુનઃ ચાલુ કરવામા આવેલ હતુ. પરંતુ, આ નિયમાધીન પ્રક્રીયા અન્વયે ની, સદર જોડાણ ના બીલીંગ ખાતામા, '' ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ '' જોડાણ ને પુનઃ ચાલુ કરાયા બાબતે ની કોઈ કાર્યવાહી જે તે સમયે હાથ ધરાયેલ ન હતી. આવા કારણોસર, જે તા.૧૫–૦૪–૧૩ ની સ્થિતીએ, નિયમાધીન રીતે, સ્થળ પર મીટર સર્વિસ લગાડી અને જોડાણ ખરેખર ચાલુ કરાયેલ હોવા છતા, '' બીલીંગ એકાઉન્ટ મા '' જોડાણ પુનઃ ચાલુ થયા નો દરજ્જો અપાયેલ ન હતો. જેથી, જોડાણ ખરેખર ચાલુ હોય, વીજવપરાશ થતો હોવા છતા, જે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી – ઈ–ઉર્જા બીલીંગ પ્રણાલી ની સંપુર્ણ કાર્યવાહી ન થવાના કારણોસર, સદર જોડાણ મા નિયમીત વીજબીલીંગ, જે પીજીવીસીએલ કક્ષાએથી થઈ શકેલ ન હતુ. |
| ૨.૩ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતેની, સદર જોડાણ ના બીલીંગ ખાતાની '' જે તે સમયે બાકી રહેલ એવી ઈ–ઉર્જા બીલીંગ સીસ્ટમ મા – જોડાણ ને પુનઃ ચાલુ કરી, અને નિયમીત વીજબીલીંગ હેઠળ પ્રસ્થાપિત કરવા '' બાબતે ની જે તે સમયે શરતચુક યુકત રીતે રહી ગયેલ બાકી ની કાર્યવાહી ને સંપન્ન કરવા માટે, સક્ષમ કચેરી સમક્ષ, સદર ભુલ પરંતુ, પીજીવીસીએલ ની, બેદરકારીયુકત ભુલ ના કારણોસર, સદર જોડાણ, બીલીંગ ખાતામા રી–કનેકશન થઈ અને નિયમીત પણે ચાલુ કરાયા સબબ ની એન્ટ્રી થયેલ ન હોવાના કારણોસર, એટલેકે માત્ર પીજીવીસીએલ ની ભુલ ના કારણોસર જ, સદર જોડાણ સ્થળ પર ખરેખર ચાલુ હોવા છતા, નિયમીત વીજબીલીંગ થતુ નથી.'' બીલીંગ બંધ – ભુલ '' ને, સુધારણા ના ભાગરૂપ આવરી લઈ, અને જોડાણ ને, બીલીંગ ખાતામા પુનઃ ચાલુ કરવા માટે ની મંજુરી માંગવામા આવેલ હતી. પરંતુ, સક્ષમ કચેરી તરફથી સદર મંજુરી મળેલ ન હોવાના કારણોસર, અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ મા નિયમીત વીજબીલીંગ – જે બીલીંગ એકાઉન્ટ મા પ્રસ્થાપિત, જે આજદિન સુધી થયેલ નથી. જેથી, હાલ ના તબ્બકે, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, '' કોમ્પ્યુટરાઇઝ બીલો ને બદલે, મેન્યુઅલ વીજબીલો '' આપવામા આવેલ હતા. જે વીજબીલો ની મહદઅંશે ની રકમ અરજદાર શ્રી તરફથી, તા.૨૧–૦૨–૧૪ ની સ્થિતીએ ભરપાઈ કરી આપેલ હતી. અને, માહે જુન–જુલાઈ–૧૪ ની સ્થિતીએ, સદર જોડાણ મા, પીજીવીસીએલ ની કોઈ બાકી લેણી રકમ રહેતી નથી. આમ, આ જોડાણ માહે ફેબ્રુઆરી–માર્ચ–૧૩ થી, '' એકસ – પીડીસી '' હેઠળ છે. અને આજદિન સુધી '' એકસ – પીડીસી '' ની સ્થિતીએ રહેલ છે. અને – સ્થળ પર વાસ્તવિક રીતે રહેલ મીટર મા વીજવપરાશી યુનીટ ની થયેલ નોંધણી અન્વયે બીલીંગ થયેલ ન હોય, વાસ્તવિક વીજવપરાશી યુનીટ મુજબ નુ બીલીંગ, અને તે મુજબ ની ખરેખર થતી રકમ, અરજદાર શ્રી પાસે વસુલાત ને પાત્ર રહેલ છે. |

મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૪૨૦૮/૦૦૫૦૨/૫, કે જેમા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ની બાકી લેણી રહેતી રકમ અન્વયે, પીજીવીસીએલ તરફથી જોડાણ નો વીજપુરવઠો, જે મીટર તેમજ સર્વિસ ઉતારી અને કાપવામા આવેલ હતો. અરજદાર શ્રી એ આ સમય ની કુલ બાકી લેણી રકમ માહે ની આંશીક રકમ નુ ચુકવણુ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતુ. જે મુજબ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે, જે તે સમયે સદર જોડાણ ને, મીટર તેમજ સર્વિસ લગાડી અને, જોડાણ નો વીજપુરવઠો પુનઃ ચાલુ કરાયેલ હતો. પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ, દસ્તાવેજીક આધાર પુરાવાઓ સાથે ના અહેવાલ મા જણાવ્યા મુજબ – એટલેકે, આ મુજબ ના બાકી લેણી રકમ ના ચુકવણાના સમયે પીજીવીસીએલ મા ''એનપીડીસી – પીડીસી – ટુ – નોર્મલ '' ની પ્રક્રીયા હેઠળ જોડાણ ચાલુ કરવા બાબતે ની નિયમાધીન પ્રણાલી પીજીવીસીએલ મા પ્રવર્તમાન હતી. જે નિયમાધીન પ્રણાલી ની પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ ના બીલીંગ ખાતામા, '' ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ '' જોડાણ ને પુનઃ ચાલુ કરાયા બાબતે ની પ્રસ્થાપિત એવી કોઈ કાર્યવાહી, જે તે સમયે સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી હાથ ધરાયેલ ન હતી. આવા કારણોસર, જે તા.૧૫–૦૪–૧૩ ની સ્થિતીએ, નિયમાધીન રીતે, સ્થળ પર મીટર સર્વિસ લગાડી અને જોડાણ ખરેખર ચાલુ કરાયેલ હોવા છતા, સદર જોડાણ ને '' બીલીંગ એકાઉન્ટ મા '' જોડાણ પુનઃ ચાલુ થયા નો દરજ્જો અપાયેલ ન હતો. જેથી, જોડાણ ખરેખર ચાલુ હોય, વીજવપરાશ થતો હોવા છતા – જે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી – ઈ–ઉર્જા બીલીંગ પ્રણાલી ની સંપુર્ણ કાર્યવાહી ન થવાના કારણોસર – સદર જોડાણ મા નિયમીત વીજબીલીંગ, જે પીજીવીસીએલ કક્ષાએથી થઈ શકેલ ન હતુ. આ બાબત નો ખુદ પીજીવીસીએલ પક્ષકારે સ્વીકાર કરેલ છે. |

| | |
|---|---|
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જ, સદર જોડાણ, કે જેનુ મીટર તેમજ સર્વિસ વગેરે વાસ્તવિક રીતે સ્થળ પર નિયમાધીન રીતે અગાઉ લગાડવામા આવેલ હોવા છતા, જે તે સમય ની સબંધક પેટા વિભાગીય કચેરી ની, '' જે તે સમયે બાકી રહેલ એવી – ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ ની બીલીગ પ્રણાલી મા જોડાણ ને, તા.૧૫–૦૪–૧૩ ની સ્થિતીએ – એનપીડીસી – પીડીસી – ટુ – નોર્મલ '' મુજબ ની કાર્યવાહી, જે અરજદાર શ્રી તેમજ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા પૂર્ણ કરવાનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદ્દા નં.૩.૨ મુજબ ની વિગતે, તા.૧૫–૦૪–૧૩ ની અસર થી '' ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ – બીલીગ એકાઉન્ટમા '' નિયમીત વીજબીલીગ હેઠળ પ્રસ્થાપિત થયેલ સદર જોડાણ નુ વીજબીલીગ – જે અરજદાર શ્રી ના સ્થાપન પર ના મીટર મા નોંધાયેલ એવા આજની સ્થિતી ના છેલ્લા યુનીટ રીડીગ મેળવીને – જરૂર જણાયે મીટર ને સ્થળ પરથી ઉતારી, પેપર પેક કરી, અને લેબોરેટરી મા ચકાસણી કરી, જો લેબોરેટરી ચકાસણી દરમ્યાન, મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયતો – મીટર મા નોંધાયેલ છેલ્લા યુનીટ રીડીંગ માથી, અગાઉ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૩ ના વાસ્તવિક બીલીગ સમયે ના છેલ્લા ૨,૮૮૮ યુનીટ રીડીગ બાદ કરી – અને બાકી રહેતા યુનીટ ને, માહે ફેબ્રુઆરી–માર્ચ–૧૩ થી અદ્યતન સ્થિતી ના માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ સુધી ના સમયગાળા ના કુલ ૨૪ દ્રીમાસીક વીજબીલો મા વિભાજીત કરી – અને તે વિભાજન મુજબ થતા કુલ ૨૪ માહે ના પ્રત્યેક વીજબીલ ના, ગણતરીએ થતા પ્રત્યેક વીજબીલ ના યુનીટ અને જે તે સમયે બીલીગ ટેરીફ મુજબ થતી ગણતરી ની રકમ મુજબ જ – પ્રત્યેક વીજબીલ બનાવી,તે મુજબ નુ કુલ ૨૪ દ્રીમાસીક વીજબીલો ની માહિતી દર્શાવતુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક (રીવાઇઝ ગણતરીપત્રક – જે રીવાઇઝ એવા પ્રતિમાસ ગણતરી ના ૨૪ પ્રતિ બીલ ના – પ્રતિ વીજબીલ ના પ્રતિ રીવાઇઝ યુનીટ એવા કુલ રીવાઇઝ યુનીટ ની ગણતરીએ થતી કુલ રકમ માથી – આ ૨૪ બીલીગ સમયગાળા દરમ્યાન – અરજદારે અગાઉ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ રકમ બાદ કરીને – બાકી રહેતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલાત ને પાત્ર હોવા બાબતે ની – સંપુર્ણ વિગતો દર્શાવતુ ગણતરીપત્રક) જે અરજદાર શ્રી ને ખાસ પત્ર મારફત, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા આપવા આપવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૪૨૦૮/૦૦૫૦૨/૫ ને, માહે ફેબ્રુઆરી–માર્ચ–૧૩ થી જ, અસરકર્તા રહે તે મુજબ, '' ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ – બીલીગ એકાઉન્ટમા '' નિયમીત વીજબીલીગ હેઠળ આવરી લેવાની નિયમાધીન પ્રણાલી પૂર્ણ કરી, અને જોડાણ ના બીલીગ ખાતામા નિયમીત વીજબીલીગ, જે તા.૧૫–૦૪–૧૩ ની અસરથી પ્રસ્થાપિત કરી, અને તે અન્વયે માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૩ થી માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ સુધી નુ – પ્રાશ્ચ્યાત અસરથી કુલ ૨૪ દ્રીમાસીક વીજબીલો મુજબ નુ બીલીગ – જે મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતેના કુલ ૨૪ માહે ના પ્રત્યેક વીજબીલ ના, ગણતરીએ થતા પ્રત્યેક વીજબીલ ના યુનીટ અને જે તે સમયે બીલીગ ટેરીફ મુજબ થતી ગણતરી ની રકમ મુજબ નુ જ બીલીગ – જે કુલ ૨૪ દ્રીમાસીક વીજબીલો ની માહિતી દર્શાવતુ સુવ્યવસ્થિત એવુ બીલીગ ગણતરીપત્રક, (રીવાઇઝ ગણતરીપત્રક – જે રીવાઇઝ એવા પ્રતિમાસ ગણતરી ના ૨૪ પ્રતિ બીલ ના – પ્રતિ વીજબીલ ના પ્રતિ રીવાઇઝ યુનીટ એવા કુલ રીવાઇઝ યુનીટ ની ગણતરીએ થતી કુલ રકમ માથી – આ ૨૪ બીલીગ સમયગાળા દરમ્યાન – અરજદારે અગાઉ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ રકમ બાદ કરીને – બાકી રહેતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલાત ને પાત્ર હોવા બાબતે ની – સંપુર્ણ વિગતો દર્શાવતુ ગણતરીપત્રક), જે અરજદાર શ્રી ને ખાસ પત્ર મારફત, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા આપવા આપવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩,** પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' **સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબંધક હોય તો, **સદર રકમા ૩૩%** રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે **ભરપાઈ** કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..